# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભીડ ભેગી કરી જનસમૂહ પજવાય છે!
ચૂંટણી ટાણે સેવાનાં નાટક ભજવાય છે!
લજવાય છે ઘાસચારો ટેલીફોન, કોલસો -
પણ, જયાં જૂઓ ત્યાં 'ધનતેરસ' ઉજવાય છે..
(ધનની પૂજા)

## હાઈકુ

છાની છૂરીથી,
કાપી દૈ ગ્યા હાથમાં -
ચગેલું નાક!
(પીએમના મુત્સદ્દી જવાબો)

મેદની જોઇ,
અને જાગ્યો સફાળો -
ત્રીજો મોરચો!
(દુશ્મનન દુશ્મન-મિત્રો)

## ચિંતન

**યદચેતનો અપિ પાદૈઃ સ્પૃષ્ટઃ પ્રજ્વલતિ સવિતુરિન કાન્ત : ।**
**તત્તેજસ્વી પુરૂષઃ પરકૃત નિકૃતિં કથઃ સહતે ॥**

ભર્તૃહરિ નીતિશકકનો આ શ્લોક છે 'અચેતન-નિર્જીવ હોવા છતાં પણ સૂર્યકાંત મણિ સૂર્યના કિરણોનો સ્પર્શ થતાં જ પ્રજ્જવલિત થઇ જાય છે અર્થાત ઉકળી ઉઠે છે તો તેજસ્વી પુરૂષ બીજી વ્યક્તિ દ્વારા કરેલા અપમાનને કેમ જ સહન કરી સાંખી લે?'

મનસ્વી, સ્વમાની, વ્યક્તિ ઘર-પરિવાર-સમાજમાં પોતાનું અપમાન કદી પણ સહન કરી શકતો નથી. એમાં પણ વિદ્વાન અને તેજસ્વી હોય એને પોતાનાં માન-સ્થાનનું ગૌરવ હોય જયારે નાની અમથી વાતે જો તેનું અવમાન થાય એ કેમ સહન કરી શકે ?

અહીં સૂર્યકાંત મણિનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે. રાવણની સભામાં સચિવ માલ્યવંતે અને વિભીષણે રાવણને સાચી સલાહ આપી, ત્યારે એ બંનેનું અપમાન કરતાં બંને તે જ વખતે સભાગૃહ છોડી ગયા.

## સુવિચાર

- ખરા સમયે અભિપ્રાય આપવાનું ટાળીને મૌન રાખવું, એ પણ એક પ્રકારનું અસત્ય જ ગણાય. જે આજકાલ લોકપ્રિય થતું જાય છે - **સુધામૂર્તિ**
- પ્રામાણિક અસંમતિ કે અપ્રામાણિક સંમતિ? ની વાતમાં ગાંધીજી પ્રામાણિક અસંમતિ જ સ્વીકારે, કારણ કે એવી અસંમતિમાં કયારેક સત્યનો રણકો બુલંદ હોય છે- **એસ. ભટ્ટાચાર્ય**
- તનની તંદુરસ્તી પણ મનની સ્વચ્છતા સિવાય જળવાતી નથી - **સંત રોબિન**
- મૈં છિપાના જાનતા તો જગ મુજે સાધુ સમજતા, શત્રુ મેરા બન ગયા હૈ છલરહિત વ્યવહાર મેરા - **હરિવંશરાય બચ્ચન**
- જીવનમાં સત્ય પાલન જેવી વ્યહારૂ બાબત બીજી કોઇ નથી - **ધર્મસૂત્ર**
- આજની સૌથી મોટી જરૂરિયાત તો છે, હરિત હર્યાભર્યા નવા ચિંતનની, નિત્ય નવ પલ્લવિત માનસની - **ડો. કલામ**
- વિકાસ તથા સુખવાદ માનવી પર સવાર થઇ ગયો છે, ઇન્દ્રિયોની માંગ સંતોષવાથી સુખ મળશે, એમ ઠસાવવામાં આવી રહ્યું છે, છતાં સુખ તો છેટું ને છેટું જ રહ્યું છે- **ઝેન કથન**

## બોધ કથા

આજકાલ 'વિશ્વાસ'-'ભરોસો' પણ વેંચાણની વસ્તુ થઇ ગઇ છે. માતા-પિતાને પોતાના સંતાન પર પણ સંપૂર્ણ વિશ્વાસ નથી, પતિ-પત્નીમાં શંકા-વહેમને કારણે કેટલાં ય દાંપત્યને કાતર લાગી છે, મિત્રો-કાર્યકરો-કારીગરો-સહકાર્યકરો અને રાજકારણમાં તો આ શબ્દોની કોઇ કિંમત-મૂલ્ય જ રહ્યું નથી. કેટલીય કુંવારી પ્રેમિકા છેતરાય છે કેટલાય યુવાનો બેવફાઇના ભોગ બને છે... આજના ભક્ત પણ, ભગવાન પર સંપૂર્ણ ભરોસો રાખતો નથી...

એક માણસ પશુ મેળામાં પાલતું પ્રાણી ખરીદવા ગયો. કૂતરાએ કહ્યું 'હું વફાદારી પૂર્વક તારી સેવામાં રહીશ, રાત્રે ચોકી પણ કરીશ.' મને લઇ જા.

ગાયે કહ્યું - 'પ્રાણી માત્ર વફાદાર જ હોય છે. માલિકની સેવા કરે છે. વધારામાં હું તને પૌષ્ટિક દૂધ આપીશ, છાણીયું ઉમદા ખાતર આપીશ અને ખેતીમાં ઉપયોગી થાય એવા બળદ પણ આપીશ.'

ઘોડો કહે - મને લઇ જા- તારો વાહનનો બધો ખર્ચ બચી જશે..

માણસે કહ્યું - તમને લઇ જાવું એના કરતાં એક માણસ જ ન રાખું, સેવા કરે, ચોકી કરે, ઘરનું તમામ કામકાજ પણ કરે!

ત્રણે પ્રાણીઓ એકી સાથે ખડખડાટ હસ્યાં અને કહ્યું 'જેવી તારી મરજી! પણ જેટલો ભરોસો તું અમારાં જેવા પ્રાણીઓ પર મૂકી શકે એટલો 'વિશ્વાસ' માણસ' પર તો નહીં જ મૂકી શકે.

Email - sureshchandrabhatt18@gmail.com

# એક નસીબદાર કવિ જેને વનવિભાગમાં ફરજ બજાવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



'વન વિહારીની વન-વંદના' લીલાછમ પુસ્તકના પ્રારંભે લીલાછમ્મ કવિ નટવર હેડાઉ પુસ્તક અર્પણ કરતા લખે,

વનની તમામ જૈવિક વિવિધતાઓને,
જીવંત તેને રાખવા મથતા સૌ વિચારકોને,
અસ્તિત્વ સામેના ખતરાઓથી બચાવવા,
પ્રયત્નશીલ વિશ્વના સૌ પ્રકૃતિ ચાહકોને.

તાજેતરમાં જ પ્રકાશ વૈદ્ય અને ડો. પ્રદિપસિંહજી રાઓલની વિજ્ઞાન નવલકથા પ્રાપ્ત થઇ. વર્ષો પછી એક માનવ સમુદાયને સંદેશ આપતી ઉત્તમ નવલકથા વાંચી ત્યારે સમાંતરે નટવર હેડાઉના કાવ્યો પણ નજર સામે તરવરતા હતા.

વૃક્ષની ભાષા :
જે
ઇશુની ભાષા છે,
જે
ગીતાની ભાષા છે,
જે
કુરાનની ભાષા છે,
જે
પ્રેમની ભાષા છે...
એક ખેડૂતે આવીને પૂછ્યું :
'અહિં' કલ્પવૃક્ષના રોપા મળશે ?'
મેં કહ્યું :
'હા, લઇ લો આમાંથી ગમે તે!'

આથી જ, કવિને મન 'ગાંડો બાવળ'નો પણ અનેરો મહિમા છે. બાવળને 'ગાંડો' કહ્યો છે પણ ખરેખર ગાંડું કોણ છે તે બહુ લાક્ષણિકત રીતે સંભળાવવામાં આવ્યું છે :

ધરતીની ખારાશ હું પીને રહેતો,
માનવી, ગાંડો તું મને ન કહેતો !
રણના વાયરા સામે હું ઢાલ બની રહેતો,
માનવી, ગાંડો તું મને ન કહેતો !

કવિએ વૃક્ષ મહિમા માટે આપણા દૈવિક, પૌરાણિક સંદર્ભોનો પણ ઉચિત અને અર્થપૂર્ણ વિનિયોગ યોજયો છે. એક વૃક્ષ બરાબર દસ પુત્રો અને દસ વૃક્ષ બરાબર સો પુત્રોનો સંદર્ભ 'આધુનિક ધૃતરાષ્ટ્ર' જેવી રચનામાં વિશિષ્ટ રીતે વ્યંજિત થાય છે. કર્ણે પોતાનાં કવચ-કુંડળનું અર્પણ કરેલું તેની સામે વૃક્ષનું અર્પણ કોઇ રીતે ઓછું - ઊતરતું નથી. તે અર્થ 'આધુનિક કર્ણ' જેવી રચનામાં અસરકારક રીતે પ્રગટે છે. 'સુંદર્શન', 'મૃગના શિકારી', 'ગઇકાલ અને આજ', 'વનવાસ', 'ધ્રુવતારક', 'કૃષ્ણ અને યમુના' વગેરે રચનાઓ પણ સંદર્ભોને યોગ્ય રીતે પ્રગટાવે છે.

નટવર હેડાઉ પ્રકૃતિની જેમ ભર્યાં ભર્યાં માણસ છે. સાહિત્યશ્રી નિધિ નરેન્દ્ર દવેએ નટવર હેડાઉને યોગ્ય જ પ્રમાણ પત્ર આપ્યું હતું અને લખ્યું હતું :

નટવર હેડાઉ 'વનવિહારી' ગુજરાતના વિશિષ્ટ પ્રકારના સાહિત્યસર્જન ક્ષેત્રે અગ્રણી એવા અનોખા શક્તિશાળી નવલકથાકાર, હરિયાળાં સંવેદનોના કવિ, કટારલેખક, પ્રકૃતિપ્રહરી સાહિત્યકાર છે. પ્રકૃતિ અને પર્યાવરણ તેમના મનપસંદ વિષયો છે. સાહિત્યના વિવિધ વિષયો પણ તેમની અધિકારપૂર્ણ કલમ નૈસર્ગિક રીતે વહેતી રહે છે. પાત્ર સર્જન અને નિરૂપણની તેમની પાસે અનોખી કલા છે અને વિષય વૈવિધ્ય પણ છે. જેના કારણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં તેમનાં સર્જનો લોકભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય બન્યાં છે. તેના પરિપાકરૂપે તેમને અનેક ઇનામ, એવોર્ડ અને પારિતોષિકો ફક્ત રાજય ક્ષેત્રે જ નહીં, પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ પ્રાપ્ત થયાં છે. જેમ કે રાજસ્થાન સાહિત્ય અકાદમી પ્રેરિત આંતર ભારતીય સાહિત્ય બંધુત્વનો સાહિત્યબ્રહ્મા અશોક હર્ષ એવોર્ડ, હરિ ઓમ આશ્રમ પ્રેરિત પુરાણી પારિતોષિક અને ચંદ્રક ગુજરાત સાહિત્ય સંગમનો 'મીનપિયાસી એવોર્ડ રાષ્ટ્રવીર છેલભાઇ સન્માન, યુનોનો 'હેમિંગ્વે ઇન્ટરનેશનલ' એવોર્ડ ૨૦૦૪, તેમજ લાયન્સ કલબ જેવી સંસ્થાઓ દ્વારા સન્માનો પ્રાપ્ત થયા છે. ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા 'પર્યાવરણ સુરક્ષા' એવોર્ડ પ્રાપ્ત કરનાર નટવર હેડાઉને ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગે વર્ષ ૨૦૧૦ માટે 'વન સેવા ચંદ્રક'થી સન્માનિત કરી તેમની સેવાઓ બિરદાવી છે. તેમનાં પુસ્તકો ઉપરાંત 'વનગીત ગૂંજન', 'વન ગીતમાલા' ૧-૨, 'પ્રકૃતિની સરગમ' સંગીતબદ્ધ ઓડિયો આલ્બમો, ટેલિવિઝન ડોક્યુમેન્ટરી દ્વારા આધુનિક મીડિયા ક્ષેત્રે પણ તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. વનગુર્જરી નેચર કલબના તેઓ સ્થાપક છે. ગુજરાતની અગ્રણી સાહિત્ય સંસ્થા ગુજરાત સાહિત્ય સંગમના તેઓ મહાસચિવ અને મેનેજિંગ ટ્રસ્ટી છે. તે ઉપરાંત ગુજરાતની અનેક સાહિત્ય સંસ્થાઓમાં સક્રિય કાર્ય કરી રહ્યા છે. વન વિભાગમાં કાર્યરત નટવરભાઇ એ ગીર ફાઉન્ડેશન ગાંધીનગરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને હાલમાં પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું છે.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી પદે કાર્યરત અને પચ્ચીસ જેટલા પુસ્તકોની શબ્દ સમૃદ્ધિ ધરાવતા આ લેખક આજે પણ પગવાળીને બેઠા નથી. સાહિત્યની સેવા કરી રહ્યા છે. તેઓએ કાવ્યસંગ્રહો, બાળસાહિત્ય, વનકથાઓ, નવલિકાઓ, અભ્યાસ લેખો, પ્રેરક લેખો, નવલકથાઓ, અનુવાદો, ઓડિયે કેસેટ, પર્યાવરણની વિકાસ યાત્રા અને સામાજિક કથાઓ જેવા પ્રકારો અને પ્રવાહોમાં જબરૂં ખેડાણ કર્યું છે.

ગુજરાત સરકારમાં ફરજ ભજાવતાં કેટલાક કર્મચારીઓ, અધિકારીઓએ પોતાની પ્રતિભાથી સરકારને ગૌરવ અપાવ્યું છે.

'વનવંદના' કાવ્યસંગ્રહનાં કાવ્યોનો મુખ્ય કવનવિષય વૃક્ષ, વન અને પ્રકૃતિ છે. બધી રચનાઓમાં કવિનો વૃક્ષ-રાગ અથવા વન-રાગ સ્થાયી સૂર રૂપે ગૂંજતો રહે છે. વૃક્ષ, વન અને પ્રકૃતિ જાણે કવિની રગરગમાં વ્યાપી ગયેલી છે. કવિની કાવ્યપ્રવૃત્તિ પણ આ વૃક્ષરાગ ગાવાને વાસ્તે જ ચાલી છે. 'કવિતા કરૂં છું' એ રચનામાં આ અંગેની કેફિયત વ્યક્ત કરેલી છે. વૃક્ષ એમનો આનંદ પણ છે અને વૃક્ષ એમની વેદના પણ છે. વૃક્ષ એમની યાત્રા પણ છે અને વૃક્ષ એમનો વિશ્રામ પણ છે. વૃક્ષ એમનો અનુભવ પણ છે અને વૃક્ષ એમની અભિવ્યક્તિ પણ છે. વૃક્ષ એમનો પ્રેમ છે.

આવા ધબકતા માણસને સુંદર શબ્દ સર્જન માટે ખોભો ભરી અભિનંદન. તેમનો મો.ન. છે : ૯૪૨૮૪૧૭૪૦૬

# દિવાળી ઉજવણીના કેટલાંક ગંભીર પરિણામો

ભાવનગર શહેરના ઘોઘા સર્કલ પાસે આવેલ અતિ પોશ વિસ્તારના પ્રણવ ફ્લેટમાં દયાનંદજી તેમના પરિવાર સાથે રહે છે. તેઓ ભાવનગર જીલ્લાના વેચાણ વેરાંની કચેરીએથી વર્ગ-૧ ના અધિકારી તરીકે સેવા નિવૃત્ત થયેલાં છે. હાલનાં ૭૦ વર્ષની વય ધરાવે છે. તેમણે તેમની પુત્રી રિદ્ધિના લગ્ન ૧૫ વર્ષ પહેલાં અમદાવાદના મુકુંદરાયના પુત્ર સાથે કર્યા છે જેઓ હાલમાં બેન્ક ઓફ બરોડામાં એકાઉન્ટટ તરીકે કાર્ય કરે છે. દયાનંદજીના મોટા દીકરાનાં લગ્ન આજથી પાંચ વર્ષ પહેલાં થયા છે તેમને ત્રણ વર્ષની એક બેબી છે અને સંયુક્ત કુટુંબમાં રહે છે. દયાનંદજીનો બીજો સંયુક્ત કુટુંબમાં રહે છે. કોમર્સમાં ભાવનગર અભ્યાસ કરે છે.

દીકરી ઘણાં જ સમયથી ભાવનગર આવી ન હોવાથી દિવાળી સાથે ઉજ્જવાનું આમંત્રણ દયાનંદજી તેમનો જમાઇરાજને આપી ચુક્યા છે જેનો જમાઇરાજે સહર્ષ સ્વીકાર કર્યો હોવાથી દયાનંદજીનો પરિવાર દિવાળી કેવી રીતે ઉજવવી, નાસ્તા-મિષ્ઠાન્નમાં શું શું બનાવવું તથા દિવાળીમાં ફરવા માટે કયાં કયાં જવું અને કોને કોને મળવા જવું વિગેરેની શરૂઆત થતા પહેલાં જ જમાઇરાજ પરિવાર સાથે અગિયારસનાં દિવસથી આવી જાય છે અને બીજને દિવસે બપોર પછી પાછા ફરવાના છે. જમાઇરાજ આવ્યા પછી સાંજના સમયે દયાનંદજીના પરિવારજનો દિવાળીની ઉજવણી અંગે તૈયાર કરેલ માહિતી ચર્ચા વિચારણા કરવા પરિવાર ભેગો થયો છે. ચર્ચા વિચારણા લાંબો સમય ચાલી હોવાથી, ચાહ-નાસ્તા માટે વિરામ કરવામાં આવે ત્યાં રિદ્ધિના ૧૦ વર્ષના પુત્ર હર્ષે તોફાનમાં ચાહના કપ - રકાબી તોડ્યા અને પોતાના તોફાનનો અણસાર આપી દીધો. આથી રિદ્ધિ દિવાળીના દિવસોમાં હર્ષના તોફાનોથી સાવધ રહેવાની જાણ પરિવારજનોને કરી દીધી.

બીજે દિવસે એટલે કે બારસને દિવસે પરિવારજનોએ સાથે મળી નાસ્તો તેમજ ફટાકડા ફોડવાની મજા માને છે. પરંતુ ધનતેરસને દિવસે ફટાકડા ફોડવાની શરૂઆત થયા પછી, હર્ષ રોકેટ ફોડવાની હઠ લે છે જે વડિલો સ્વીકારતા નથી પરંતુ બાળહઠ સામે ઝુકી જાય છે અને રિદ્ધિએ સાથે રહી, હર્ષે રોકેટ ફોડવાનું સર્વાનુમદે નક્કી થાય છે. હર્ષની મમ્મી રિદ્ધિ તેને લઇને રોકેટ ફોડવા જાય છે જે ફૂટતું ન હોવાથી, તોફોની, હઠીલો હર્ષ દોડી જોવા જતાં, અચાનક રોકેટ ફૂટે છે જે સીધું હર્ષની છાતીએ વાગે છે, હર્ષનું શર્ટ બળી જાય છે અને તે સખ્ત રીતે દાઝી જાય છે. બધાના શ્વાસ ઊંચા થઇ જાય છે. ફટાકડા ફોડવાનું અને દિવાળીની ઉજવણી કરવાનું બાજુએ રાખી, હર્ષની સારવાર માટે ડોકટર પાસે લઇ જતાં, બે-ત્રણ દિવસ હોસ્પિટલમાં રહેવાનું જણાવવામાં આવે છે.

દયાનંદજીના પરિવારમાં દિવાળી ઉજવવાનું જે રીતે આયોજન કરવામાં આવ્યું હતું તેને બદલે પરિવાર, હોસ્પિટલના આટાંફેરામાં લાગી જાય છે તેનો સારાંશ એ જ છે કે દિવાળી જેવા પર્વનો હર્ષ અને ઉલ્લાસથી ઉજવણી કરવી હોય તો વડિલોની હાજરીમાં તથા માર્ગદર્શનમાં તોફાની - જીદ્દી બાલકોને વશમાં રાખવા, અન્યથા દયાનંદજીના પરિવારજનોને પડેલ મુશ્કેલી ભોગવવી પડે.

**(તા.ક. ગત વર્ષે દિવાળીમાં બનેલ સત્ય ઘટના, થોડાંક ફેરફાર સાથે)**

**- નિરંજન ઓઝા**

# ઈન્દ્ર સર્વોચ્ચ દેવ છે આજે આપણે પરમ-તત્ત્વ પરમાત્માને જે માન તથા સર્વોચ્ચ સ્થાન આપીએ છીએ તે સ્થાન વૈદિક-કાળમાં ઈન્દ્રનું હતું

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

## વેદકાલીન દેવ - ઇન્દ્ર

વૈદિક કાળમાં અગ્નિ જેટલી જ મહત્તા અને પ્રતિષ્ઠા ઇન્દ્ર પણ ધરાવે છે. વૈદિક - આર્યોનાં એ સૌથી પ્રિયદેવ હતા. ઇન્દ્ર એટલે દેવોના રાજા. દેવેન્દ્રના નામે પણ તે ઓળખાતા 'ઇન્દ્ર' શબ્દનો એક અર્થ 'શ્રેષ્ઠ' તેવો થાય છે. આજે પણ આપણે ત્યાં સુરેન્દ્ર, નરેન્દ્ર - એવા નામો આપવામાં આવે છે. તેમાં આ શ્રેષ્ઠતાનો ભાવ સમાવિષ્ટ થયો હોય છે. વેદોમાં ઇન્દ્રની સ્તુતી કરતા અનેક સૂક્તો છે. ઇન્દ્ર માટે - એ ધાન્ય નિપજાવનાર, જળદાતા - વાણીને યોગ્ય અર્થ પ્રદાતા. પાણીને વહેતું કરનાર - એવા એવા વિશેષણો ઉપયોગમાં લેવાયા છે વળી જે સર્વ પ્રાણીઓમાં ચેતના પુરે છે. જે જગતની રચના કરે છે જે અતિ ઐશ્વર્યવાન છે તે ઇન્દ્ર છે તેમ કહેવાયું છે.

ઇન્દ્ર સર્વોચ્ચ દેવ છે આજે આપણે પરમ-તત્ત્વ પરમાત્માને જે માન તથા સર્વોચ્ચ સ્થાન આપીએ છીએ તે સ્થાન વૈદિક-કાળમાં ઇન્દ્રનું હતું. ઇન્દ્રે અદ્ભૂત પરાક્રમો કર્યાં હતાં. જમીનનો વિસ્તાર કર્યો. જંગલો હટાવ્યા. પર્વતોની પાંખો કાપી તેને સ્થિરતા આપી. સ્વર્ગ તથા અંતરિક્ષમાં ભુવનોની સ્થાપના કરી હતી. વળી અંધકાર દૂર કરવા માટે આકાશમાં સૂર્ય સ્થાપ્યો, વાયુ-વરૂણ તથા અગ્નિ તેના સહાયકો અને અનુચરો હતા. તે બ્રહ્માંડમાં વ્યાપીને રહેલા છે પણ બ્રહ્માંડ કરતાં અધિક છે.

ઇન્દ્ર - યુદ્ધના દેવ મનાય છે તેની પાસે વજ નામનું અમોઘ શસ્ત્ર છે. દુશ્મનો સામે યુદ્ધના સમયે તેની સહાય માગવામાં આવતી, ને ઇન્દ્ર તુર્ત મદદ માદે દોડી આવતા. જે પક્ષમાં ઇન્દ્ર હોય તે પક્ષનો અવશ્ય વિજય થતો. અથવા યુદ્ધમાં પ્રાપ્ત તમામ વિજયો ઇન્દ્રના જ ગણાતા. ઇન્દ્રે આર્યોતર રાજાઓને હરાવ્યા હતા. વૃતને હણીને પાણીને વહેતું કર્યું હતું. દંભિકને મારી ગાયો છોડાવી હતી. 'કરણ'ની નવ્વાણું ભૂજા કાપી હતી તથા શંબરના સો ગઢોનો નાશ કર્યો હતો. તે સમયનાં પ્રખ્યાત અનાર્ય રાજવીઓ સાથે વારંવાર યુદ્ધો કરી. આર્યોને માટે રાજસત્તા પ્રાપ્ત કરી હતી. દિવોદાસ - તથા સુદાસ - આર્ય રાજા તેના મિત્રો હતા.

ઇન્દ્રને જળના દેવ પણ માનવામાં આવે છે. વર્ષા દ્વારા જળ વરસાવી. નવું ધાન્ય એ નિપજાવે છે. આ કાર્ય માટે તેની પૂજા કરતા શ્રીકૃષ્ણે ઇન્દ્રની આ પૂજા અટકાવેલી. તેવો ભાગવતમાં ઉલ્લેખ છે. તેનો સોમરસ અતિ પ્રિય હતો. યસ સમયે તે સોમરસનું અતિ પ્રિય હતો. યજ્ઞ સમયે તે સોમરસનું આકંઠ પાન કરતા. જયાં જયાં યજ્ઞો થતાં ત્યાં તેમને પ્રથમ સોમપાન માટે બોલાવવામાં આવતા અને તે પોતાના રથમાં બેસીને તે સ્થળે પહોંચી જતા. તેના રથના ઘોડા લીલા રંગના હતા અને રથનો વેગ મન જેટલો હતો. તેને પ્રસન્ન કરવા સોમપાન કરવામાં આવતા. ઇન્દ્રનું એક નામ 'શતક્રતુ' છે જે વ્યક્તિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તે ઇન્દ્ર બને તેવી માન્યતા હતી. ઇન્દ્ર પાસે સો માણસ જેટલી શક્તિ હતી, ને તેણે સો યજ્ઞ કપેલા...

વેદમાં ઇન્દ્રના જે પરાક્રમો વર્ણવાયા છે તે માટે સંશોધનકારોનાં મતો પણ જાણવા જેવા છે જો કે જો કે વેદમાં તેના ઉલ્લેખ નથી. વૃત્ત અનાર્ય રાજા હતો અને પોતાના પ્રદેશમાં વહેતી નદીઓ પર બંધ બાંધી પાણી ઉત્તર તરફ વાળેલું. નીચેના વિભાગે રહેતા આર્યોને પાણીની તકલીફ થતા ઇન્દ્રે વૃત્તને મારી બંધો તોડી નખાવ્યા ને પાણી દક્ષિણમાં વહેતું કર્યું. વળી જે પ્રદેશ ડુંગરાળ હતો તેને ખોદાવી સપાટ ભૂમિ બનાવી ગો-માંસ ખાનાર અનાર્ય રાજાને મારી ગાયો માટે નિર્ભયતા સ્થાપી. આમ ઇન્દ્રના એ પરાક્રમો ઉત્તર ભારતની આજની ભૌગોલિક સ્થિતિ માટે કારણભૂત છે.

આવા પરાક્રમી અને દેવોનાં રાજા હોવા છતાં પણ ઇન્દ્રનું એક પણ મંદિર ભારતમાં નથી, આનું કારણ પુરાણોમાં થયેલું ઇન્દ્રના પાત્રનું અધઃપતન છે. પુરાણોનો ઇન્દ્ર ઇર્ષાયળુ - કપટી વિલાસી તથા સદાય હાર ખાતો ને નાસી જતો વર્ણવાયો છે. પોતાના ગોડ ફાધર જેવા વિષ્ણુ-શિવ કે બ્રહ્માની મદદથી તે ટકે છે. કોઇ ઋષિ તપ કરી ઇન્દ્ર ન બને તે માટે અપ્સરાઓ મોકલે છે. પુરાણોનો ઇન્દ્ર ખલનાયક છે. જયારે વૈદિક સમયનો ઇન્દ્ર સાચો નાયક છે.

ઇન્દ્ર કોઇ વ્યક્તિ નહિ પણ માત્ર પદવી છે તેવી પણ માન્યતા છે. જે ઇન્દ્રાસન પર બેસે તે ઇન્દ્ર કહેવાતો. ભાગવત-પુરાણમાં મન્વન્તરોની વાત આવે છે ત્યાં જુદા જુદા મનાન્તરમાં જુદા જુદા રાજવીઓ ઇન્દ્રો થયા તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આર્યોને ભારતમાં દોરી લાવનાર પ્રથમ પુરૂષ ઇન્દ્ર હતા તેમ પણ મનાય છે તેની સ્તુતિના થોડા મંત્રો નીચે પ્રમાણે છે.

- બલં ધેહિ તનૂષુ નો બલભિન્દ્રાનકુત્સુન બલં તોકાય તનયાય જીવસે ત્વં હિ બલદા અસિ (ઋ.૩-૫૩-૧૮)

હે ઇન્દ્ર અમારા શરીરમાં બળ આપો અમારા પશુઓને બળ આપો, પુત્ર-પૌત્રોને લાંબુ જીવન આપો, આપ જ સૌને બળ પ્રદાન કરનારા છો.

- યઃ પૃથિવી વ્યયમાનમિદંહદ્ય, પર્વતાન્પ્રકૃપિતા અરભ્ણાત યો અન્તરિક્ષં વિમમે વરીયો યો દ્યામસ્તભ્તાત્સ જનાસ ઇન્દ્ર :

હે માણસો, જેણે કંપતી પૃથ્વીને સ્થિર કરી છે જેણે ચાલતા પર્વતોને અટકાવ્યા છે, જેણે અંતરિક્ષ-લોકની રચના કરી છે જેણે સ્વર્ગ-ભુવનને આધાર આપી સ્થિર કર્યું છે તે ઇન્દ્ર પ્રભુ છે.
(૨-૧૨-૨)

- યસ્માન્ન ઋતે વિઝયન્તે જનસો યં યુદ્ધમાના એવસે હ વન્તે । યો વિશ્વસ્ય પ્રતિમાનં બ્રભવ યો અચ્યુતજનાસ ઇન્દ્રઃ ॥

જેની સહાય વિનો લોકો વિજય પામતા નથી. જેને યુદ્ધ લડતા વીરો રક્ષણ માટે બોલાવે છે. જે સમગ્ર જગતના માપદંડ તે ઇન્દ્ર છે.


- ઇન્દ્રેણ રોચના દિવો દૃકહાનિ દૃહિતાનિવ । સ્થિરાણિ ન પરાયુદે ॥
(૮-૧૪-૯)

ઇન્દ્રે આકાશમાં પ્રકાશમાન નક્ષત્રોને સ્થિર સુદૃઢ અને અવિચળ બનાવ્યા તેમને કોઇ પણ હટાવી શકતું નથી.

# બીજાને પ્રભાવિત કેવી રીતે કરશો ?

## પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર



માનસિક શક્તિ અને મન એક જ વસ્તુ નથી. અવચેતન મન, અનુભૂતિ, ભાવના, અભિલાષા તથા ઇચ્છા સાથે એનો ગાઢ સંબંધ છે. ક્રિયા માનસિક શક્તિનું અનિવાર્ય રૂપ છે.

આ એક રહસ્યમય આકર્ષણ છે જે દૂર રહેલા છૂટાછવાયા અણુઓને એકઠા કરે છે. વિજ્ઞાન અને આકર્ષણને રાસાયણિક મૈત્રી અથવા આંતરાકર્ષણ કહે છે, પણ આ પરિભાષા એના માટે પૂરતી નથી. એને માનસિક શક્તિ કે જ્ઞાનનો પ્રવાહ કહી શકો છો.

જે રીતે ચુંબક કે વિદ્યુતની ધ્રુજારી ઇથરની અંદર થઇને આવે છે અને બીજી વસ્તુઓમાં એ જ તત્ત્વ ઉત્પન્ન કરે છે, એ રીતે માનસિક શક્તિ અને મનમાંથી નીકળી થરની અંદર થઇને બીજી વ્યક્તિઓના મનમાં એવી જ રીતે ઉત્પન્ન કરી દે છે. માનસિક શક્તિના આરોહણની આ જ આધારશીલા છે.

ઇશ્વરના માધ્યમથી જયારે તમે કોઇ વ્યક્તિ પર તમારી માનસિક શક્તિનો પ્રયોગ કરો છો, તો એ વ્યક્તિના મન પર તમે તમારો ઇચ્છિત પ્રભાવ પાડો છો. આ પ્રયોગ માટે એ જરૂરી છે કે એનું મન પણ તમારા આરોપણને ગ્રહણ કરવા માટેની સ્થિતિમાં હોય.

એના મનની આ સ્થિતિ તમારા માનસિક આદેશ દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે. તમે તમારા અવચેતન મનને આદેશ આપો છો કે તે જઇને એ વ્યક્તિને એક વિશિષ્ટ રીતે પ્રભાવિત કરે, જેના પર તમે તમારો માનસિક પ્રયોગ કરવા ઇચ્છો છો.

આ રીતે તમે કોઇ પણ વ્યક્તિના સ્વાસ્થ્ય અથવા વ્યક્તિત્વમાં સુધારો લાવવા એ વ્યક્તિ સુધી તમારો માનસિક સંદેશ મોકલીને સફળતા પ્રાપ્ત કરી શકો છો. એ માટે આ રીતે અભ્યાસ કરો.

કોઇ એવી વ્યક્તિના વિષયમાં વિચારો, જેનો તમારી સાધારણ પરિચય છે, પણ તમે એની દશા સુધારવા ચાહો છો, અમે માની લઇએ છે કે એની સ્ત્રી કે એનો પતિ કે ભાઇ કે કોઇ નિકટના સંબંધી અથવા એનો ખાસ મિત્ર તમને સારી રીતે જાણે છે અને તમારા માટે એની ઊંચી ધારણ છે.

જે વિચાર એ વ્યક્તિના મનમાં આરોપિત કરવા માગો છો, એને એના વિશે કે મિત્રનાં મનમાં માનસિક રીતે આરોપિત કરો. આ આરોપણ યોગ્ય સમયે થવું જોઇએ. આવું ત્યાં સુધી કરો, જયાં સુધી સુધારો લાવનારા વિચારોનો તે વ્યક્તિ સ્વીકારે નહીં.

એ ના સમજવા લાગે કે આ વિચાર એના પોતાના છે. હવે તે વ્યક્તિને માનસિક આદેશ આપો કે તે એ વિચારોને એ વ્યક્તિ પર આરોપિત કરે, જેની દશા તમે સુધારવા માગતા હો.

આ સમયે પરિણામની ચિંતા ના કરશો. પહેલા અભ્યાસ દ્વારા આ શીખો. જેમ જેમ તમે આ અભ્યાસ વધારતા જશો, તેમ તેમ તમારી કુશળતા અને શક્તિનો વિકાસ થતો જશે અને પરિણામ પણ સ્પષ્ટ આવતું જશે.